ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

૨૦/૧૨/૨૦૨૧

## પ્રેસનોટ

## ગુજરાત યુનિવસિર્ટીમાં ગ્રાહક જાગૃતિ વ્યાખ્યાન યોજવામાં આવ્યું.
## ગુજરાત યુનિવર્સિટીમાં "કન્ઝયુમર ક્લિનિક" ખોલાશે.

ગુજરાત યુનિવસિર્ટીના કાયદા વિભાગ અને અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના સંયુકત ઉપક્રમે ગ્રાહક જાગૃતિ વ્યાખ્યાન સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે યોજાયું હતું. આ પ્રસંગે અધ્યક્ષસ્થાને ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. જગદીશ ભાવસાર, અખીલ ભારતીય ગ્રાહક પંચાયતના રાષ્ટ્રીય સચિવ શ્રી જયંતભાઈ કથીરિયા , કાયદાશાસ્ત્ર વિભાગના ડૉ. કૌશિક રાવલ અને અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના સંયોજક ડૉ.સંદિપ પંડયા, સેનેટ સભ્ય ડૉ.ભાવેશ ભરાડ, પ્રો.આર.પી. રાઠોર, પ્રો. ચેતનાબેન સહિત કાયદા વિભાગ અને પત્રકારત્વ વિભાગનાં છાત્ર-છાત્રાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી જયંતભાઈ કથીરિયાએ ગ્રાહક જાગૃતિ પખવાડિયા અન્વયે ગ્રાહકના હિતમાં તૈયાર કરાયેલ કાયદાઓને દર્શાવતું ચાવીરૂપ વક્તવ્ય આપ્યું હતું. ડૉ. કૌશિક રાવલે સ્વના ગ્રાહક તરીકેના અનુભવો, જાગૃતિ માટેના પ્રયાસોથી છાત્ર-છાત્રાઓને માહિતગાર કર્યા હતા.

અધ્યક્ષીય પ્રવચન કરતાં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. જગદીશ ભાવસાર કાયદા વિભાગ અને પત્રકારત્વવિભાગના છાત્ર-છાત્રાઓને માટે કેળવણીના ભાગરૂપે કાયદાશાસ્ત્ર વિભાગ દ્વારા કરાઈ રહેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. ઉચ્ચ શિક્ષણનો તબક્કો શિક્ષણની સાથે સમાજ અને રાષ્ટ્ર માટે જાગૃતિ અને સમજણનો ગણાય છે. ગ્રાહક જાગૃતિ થકી રાષ્ટ્રજાગૃતિના પ્રયાસો બદલ કાયદાશાસ્ત્ર વિભાગ અને ગ્રાહક પંચાયતને અભિનંદન આપ્યા હતા.

અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના ડો. સંદીપ પંડયાએ પ્રાસ્તાવિક પ્રવચન કર્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના કાયદા શાસ્ત્ર વિભાગમાં આગામી દિવસોમાં "કન્ઝયુમર ક્લિનિક" ગ્રાહકના પ્રશ્નો પરત્વે સંશોધન કાર્ય કરવા બે સંસ્થા વચ્ચે ઉપકુલપતિશ્રીની હાજરીમાં વિચારણા હાથ ધરવામાં આવી હતી.


અખિલ ભારતીય ગ્રાહક પંચાયત
ગુજરાત પ્રાંત
“ગ્રાહક જાગરણ પખવાડીયુ”
કાર્યક્રમો




અખિલ ભારતીય ગ્રાહક પંચાયત
ગુજરાત પ્રાંત
“ગ્રાહક જાગરણ પખવાડીયુ”
કાર્યક્રમો

